

# પાઘડીની પોટલી

રાજપરના ઠાકોર ભલા માણસ હતા.

પહેલાં તો તેઓ રાજપર ગામના રાજા હતા. આખા ગામના માલિક હતા. ભારત દેશમાં એ સમયે ગોરા અંગ્રેજોનું રાજ હતું. એમનું રાજ ગયું અને લોકોનું રાજ થયું. ત્યારે રાજાઓનાં રાજ પણ ગયાં. એમાં રાજપરનું ગામ પણ ઠાકોર પાસેથી ગયું. ગામના લોકોએ પંચાયત બનાવી. ઠાકોર ભલા અને માયાળુ હતા. ગામના લોકોને તેમના પર હેત હતું. તેથી બધાએ ઠાકોરને પંચાયતના સરપંચ બનાવી દીધા.

મિયાં ફુસકી ઠાકોરના નોકર હતા, પણ મિયાં ઉપર ઠાકોરને ઘણું હેત હતું. તેથી પોતાનું કોઈ પણ કામ હોય તો મિયાં ફુસકીને જ એ કામ કરવાનું કહેતા.

ઠાકોરના દીકરાને પરણાવવાનો હતો. એ માટેની તૈયારી કરવાની હતી. શું જોઈએ અને શું કરવું એનો વિચાર કરતા હતા.

મિયાં કહે : “એ બધી વાતો તભા ભટ જાણે છે. પરણાવવાનું અને કથાવારતા કરવાનું કામ ભટજી જ કરે છે. લો, તેમને બોલાવીએ.”

ઠાકોરને આ વાત ગમી. તભા ભટને બોલાવી લીધા. દીકરાને પરણાવવામાં શું શું જોઈશે એ પૂછ્યું.



ઠાકોર કહે : “આપણે ધામધૂમમાં ખોટું ખરચ જરાય કરવું નથી. બધું સાદાઈથી કરવું છે.”

મિયાં કહે : “આપણે એવા મૂરખ નથી કે ખોટી ધામધૂમમાં રૂપિયા બગાડીએ. એ કામ તો મોટા પ્રધાનોનું. આપણે કંઈ પ્રધાન નથી બની ગયા.

સારા પ્રધાનો એવું નથી કરતા, પણ કોઈ ગઠિયો પ્રધાન બની બેસે તો ન કરવાના ધંધા કરે."

ઠાકોર કહે : "પણ એક કામ તો કરવું જ પડશે. આપણે આખા ગામને જમાડવું છે."

મિયાં હસતાં હસતાં બોલ્યા : "આ વાત અમને ગમી. સારા સમયમાં નાનામોટા બધા મીઠાં ભોજન જમે અને આનંદ પામે એવું તો કરવું જ જોઈએ. એમાં આપણા હરિજન ભાઈઓને તો ખાસ જમાડવાના."

ભટજી કહે : "હરિજન તો પહેલાં. પછી બીજા બધા."

ઠાકોર કહે : "એ વાત પાકી."

મિયાં કહે : "સો ટકા પાકી."

ઠાકોર કહે : "તો એક કામ કરો. વાસદ જવું પડશે. ત્યાં અમારા ખાસ મિત્ર નટવરસિંહ સોલંકી છે. તેમને વહેલા બોલાવવાના સમાચાર આપવાના છે. વાસદથી ચોખા, દાળ અને શાકભાજી લાવવાની ગોઠવણ તેઓ કરશે. જમણવારની બધી ગોઠવણ તેમને સોંપવાની છે. તો તમે વાસદ જાઓ અને બધી વાત કહી આવો. હું કાગળ લખી આપું છું. એમાં બધું લખી દઈશ."

મિયાં કહે : "કાગળ-બાગળની કશી જરૂર નથી. અમે કાગળ કરતાંય વધારે સરસ રીતે મોઢેથી સમજાવી દઈશું."


ભટજી કહે : "કાગળ તો લખવો જ જોઈએ."

મિયાં ચિડાઈ ગયા. કહે : "અક્કલ છે તમારામાં?"

ભટજી કહે : "કેમ?"

મિયાં કહે : "તો એમ કે જીવતા-જાગતા આ મિયાં ફુસકી સાથે જવાના છે. પછી શા માટે કાગળ લઈ જવો પડે?"

ઠાકોર કહે : "કાગળ તો અમસ્તો સુખ-સમાચારનો જ લખવો છે."



મિયાં માથું ડોલાવીને કહે : "એ વાત બરાબર." લખી નાખો કાગળ. સવારમાં જ ઊપડી જઈએ. બસમાં બેઠા કે પહોંચી ગયા વાસદ."

આમ વાસદ જવાનું નક્કી થયું. બીજા દિવસે વાસદ પહોંચી ગયા. વાસદ પાસે જ મહી નદી આવી. પુલ ઉપર બસ દોડતી ગઈ.

મહી નદી જોઈને મિયાં બોલ્યા : "ભટજી! તમે મોટા પંડિત છો? તો કહી આપો કે મહી નદી કોની દીકરી?"

ભટજી કહે : "ચૂપ!"

મિયાં કહે : "કેમ?"

ભટજી કહે : "કોઈ તમને મૂરખા કહેશે."

મિયાં કહે : "કેમ?"

ભટજી કહે : "કેમ કેમ ને નાખો મહીના પાણીમાં."

મિયાં કહે : "કેમ?"

ભટજી રીસથી બોલ્યા : "હજી કેમ કેમ બકો છો?"

મિયાં હવે કેડ ટટ્ટાર કરીને બોલ્યા : "તમારામાં અક્કલનું એક ટીપુંય નથી. એમ કહો ને કે એ વાત તમે જાણતા જ નથી કે મહી નદી કોની દીકરી. માથે તપેલા જેવો પાઘડો મૂકો છો."

ભટજી કહે : "તો તમે કહી દો. નદી કોઈ ભાઈબહેન નથી કે એ કોઈની દીકરી બને."

જરા મોઢું મલકાવીને મિયાં બોલ્યા : "હાં, હવે જરા અક્કલ ઊગી. પહેલાં જ એમ કહી દીધું હોત કે અમે નથી જાણતા તો અમેય તરત કહી દીધું હોત કે મહી નદી એ સાગરની દીકરી છે."



પાછળની સીટ પર બેઠેલા એક ભાઈ બોલી ઊઠ્યા : "હા ભાઈ! આ મિયાંની વાત સો ટકા સાચી છે. મહી નદી તો બીજી ગંગા પણ કહેવાય છે.

સાગરની દીકરી તો ખરી જ. સાગરમાં ઓટ આવે ત્યારે સાગરનાં પાણી મહી નદીમાં ઠેઠ વાસદ સુધી આવે છે."

મિયાં મોજમાં આવી ગયા. ત્યાં તો બસ ઊભી રહી ગઈ. બસમથક આવી ગયું.

ભટજી કહે : "ઊભા થાઓ."

મિયાં કહે : "કાં?"

ભટજી કહે : "કાં કાં બોલે તે કાગડા."

આ સાંભળીને બીજા મુસાફરો પણ હસી પડ્યા.

મિયાં કહે : "પણ છે શું?"

ભટજી કહે : "આ વાસદનું બસમથક આવી ગયું."

મિયાં સટાક કરતા ઊભા થઈ ગયા અને બોલ્યા : "તો એમ કેમ કહેતા નથી કે બસસ્ટૅન્ડ આવી ગયું. તમે મોટા ફોજદાર હો એમ અમને હુકમ કરો છો કે ઊભા થાઓ. એમ ઊભા થઈ જઈએ એવા અમે ઢીલાપોચા નથી. હા, અમે સિપાઈબચ્ચા!"

ભટજી કહે : "બક બક પછી કરજો."

બધા ઉતારુઓ ઊતરી ગયા.

મિયાં ઊભા થયા અને ઝડપથી ભટજીની આગળ જઈને બસમાંથી ઊતરી પડ્યા.


'હવે?' મિયાં બોલ્યા.

ભટજી કહે : "હવે એટલે?"

મિયાં કહે : "કાં?"

ભટજીને રીસ ચડી ગઈ. મોઢું ફુલાવીને મિયાં સામે જોઈ રહ્યા.

મિયાં કહે : "દેડકા જેવા ડોળા કાઢીને જોઈ શું રહ્યા છો? જે કહેવું હોય એ મોઢેથી બોલો."



ભટજી કહે : "તો સાંભળો કે હવે તમે કાં કાં બોલશો તો એક ઝાપટ મારી દઈશ."

મિયાં કહે : "અમે એટલા માટે કાં બોલ્યા કે આપણે ગામમાં જવાનું છે કે મહી નદીને કિનારે?"

તભા ભટ કહે : "આપણે ગામમાં જવા આવ્યા છીએ. મહી નદીને કિનારે જઈને શું કરવું છે?"

ફુસકી મિયાં બોલ્યા : "ભટજી! આવ્યા છીએ તો ચાલો મહીમાં નાહતા જઈએ."

ભટજી બોલ્યા : "આપણે અહીં નાહવા નથી આવ્યા."


મિયાં કહે : "આ મહીસાગર નદી છે. એ સાગરની દીકરી કહેવાય છે. તમે જ કહેતા હતા કે મહીમાં નાહવાથી ગંગાજીમાં નાહવા જેટલું પુણ્ય થાય છે. બોલો, મહીમાં નહાઈશું તો પુણ્ય કોને મળશે? કહો કે તમને. અમે મિયાં એટલે અમને તો પુણ્ય મળવાનું નથી."

ભટજી બોલ્યા : "અમારે પુણ્ય નથી જોઈતું."

મિયાં કહે : "ના જોઈએ તો કંઈ નહીં. તમે ના નાહશો, અમે નાહીશું. પછી ત્યાં મહીનાં કોતર પણ જોવા મળશે. જાણે કે હિમાલયની ખીણોમાં ચાલતા હોઈએ એવી મઝા મળે છે."

તભા ભટે ઘણી ના કહી પણ મિયાં માન્યા નહીં. મહીસાગરમાં નાહવાની હઠ લીધી.

ભટજી કહે : "તો ઝટ ચાલો. ત્યાં કશું અડપલું કરશો નહીં. નાહીને સીધા મારગે પાછા આવવાનું છે."



મિયાં બોલ્યા : “અડપલાં કોણ કરે? બેવકૂફ હોય તે. અમે કરીએ તો વીરતાનાં જ કામ કરીએ. હા, અમે સિપાઈબચ્ચા.”

મહીમાં નાહવા ચાલ્યા.

કિનારે પહોંચે એ પહેલાં વચમાં જ નાનકડું કોતર આવ્યું. એમાં થઈને જવાનું હતું. એટલે કોતરમાં ચાલવાની મઝા પણ મળી જાય.

ભટજી બોલ્યા : “આપણે મઝા મેળવવા નથી આવ્યા. સીધા ચાલતા રહો.”

મિયાં માન્યા નહીં. ભટજી સાથે ન આવે તો પોતે એકલા કોતરમાં થઈને મહીને કિનારે જવા તૈયાર થઈ ગયા. છેવટે ભટજીને પણ કોતરમાં ઊતરવું પડ્યું. મિયાંને એકલા જવા દેવાય નહીં.

ફુસકી મિયાં આનંદમાં આવી ગયા. ઝટ ઝટ આગળ આગળ ચાલવા માંડ્યા. આગળ જતાં બીજું કોતર આડું આવ્યું.

ભટજી બોલ્યા : “સમજીને ચાલજો. કોતરની ભુલભુલામણી હોય છે.”

મિયાં બોલ્યા : “તમતમારે મોજથી પાછળ ચાલ્યા આવો. કોતર ભલે ને ભુલભુલામણીવાળાં હોય પણ અમે બુદ્ધિવાળા છીએ. કોઈની ભુલભુલામણીમાં અમે ફસીએ એવા નથી.”


થોડે દૂર પહોંચ્યા કે ત્રીજું કોતર આવ્યું.

ભટજી કહે : “મિયાં, જરા જોજો હોં. જોયા-સમજ્યા વિના દોડતા રહેશો તો દિવસ પૂરો થઈ જશે અને મહીને કિનારે પહોંચીશું નહીં.”

મિયાં બોલ્યા : “તમતમારે ચૂપચાપ પાછળ ચાલ્યા જ આવો. હમણાં કિનારો આવ્યો સમજો.”

આગળપાછળ, આ બાજુ અને બીજી બાજુ બધું એકસરખું દેખાવા માંડ્યું.

તભા ભટ ઊભા રહી ગયા અને બોલ્યા : “ફુસકી મિયાં...!”



મિયાંએ પાછળ જોયું અને બોલ્યા : "લો, છો ને હાથીના ભાઈ જેવા. ઊભા કેમ રહી ગયા? જે પૂછવું હોય એ ચાલતાં ચાલતાં પૂછતા રહો. આવી કોતરની વાટ હોય અને કોતરમાં કોતર અને એમાંય પાછું કોતર આવતું હોય ત્યારે ઊભા રહેવું એ મૂરખાઈ ગણાય. સમજ્યા?"

ભટજી કહે : "અમે તો સમજ્યા, પણ હવે તમે જરા સમજો. આમ આગળ ને આગળ ભાગ્યા ક્યાં જશો? અત્યાર સુધીમાં તો કિનારો આવી જવો જોઈએ."


ફુસકી મિયાં ખી ખી ખી હસી પડ્યા અને બોલ્યા : "એટલામાં થાકી ગયા?"

ભટજી કહે : "થાકવાની વાત નથી. આપણે કિનારાથી દૂર જવું નથી. બહુ બહુ તો કિનારે પહોંચતાં પંદર મિનિટ થાય. એને બદલે અડધો કલાક વીતી ગયો."

મિયાં કહે : "ભટજી! માથા ઉપર પાંચ કિલો ભારે વજનની પાઘડી મૂકી છે, પણ એક દશિયાભાર જેટલી અક્કલ ભેજામાં રાખતા નથી."

ભટજી કહે : "કેમ?"

મિયાં કહે : "કેમ શું, આ કોતરનો મારગ છે. આડાઅવળા ચાલવું પડે. એમાં પાંચ મિનિટના મારગમાં વીસ મિનિટ લાગી જાય. તો હવે હિસાબ કરી જુઓ. તમે કહો છો ને કે પંદર મિનિટનો મારગ છે તો પાંચની વીસ તો પંદરની સાઠ મિનિટ થાય કે નહીં? માટે ચૂપચાપ ચાલ્યા આવો. પૂરી સાઠ મિનિટ થાય પછી કહેજો."



ભટજી બોલ્યા : "બકબકાટ કરશો નહીં. આપણે અવળે મારગે ચડી ગયા છીએ. જરા કામ કરો. આ કોતરના ટેકરા ઉપર ચડી જાઓ. ત્યાંથી ચારેબાજુ જોઈ શકાશે. કિનારો કઈ બાજુ છે એ પણ દેખાશે."

મિયાં બોલ્યા : "એ વાત સાચી. એવી અક્કલની વાત કહેતા હો તો અમે તરત માની લઈએ."

ફુસકી મિયાં તરત જ કોતરના ટેકરા ઉપર ચડી ગયા.

ટેકરાને મથાળે ઊભા રહીને મોઢું મલકાવતા બોલ્યા : "આ હા હા હા! અરે ભટજી! ટેકરાની ટોચ ઉપર ચડીને જરા જુઓ તો ખરા! ભારે મઝાનો દેખાવ છે. ચારેબાજુ જુદું જુદું દેખાય છે. આ બાજુ કોતર જ કોતર છે અને બીજી બાજુ મહીનો કિનારો અને બિલોરી કાચ જેવું પાણી દેખાય છે.


ડાબી બાજુ અને કોતરને પેલે પાર ઝાડની લીલી ઘટા છે. જમણી બાજુ દૂર દૂર પેલા સોમનાથ મહાદેવના મંદિરની ટેકરી દેખાય છે."

ભટજી બોલ્યા : "પણ આપણે જવું છે એ કિનારો કેટલે દૂર છે એ કહો ને!

મિયાં બોલ્યા : "બસ, સામેનાં બે, ત્રણ કે ચાર કોતર પાર કર્યાં કે કિનારો આવ્યો સમજો."

ભટજી કહે : "ચાલો, તો હવે ઊતરી પડો."

ટેકરા ઉપરથી મિયાં ઊતરી પડ્યા અને ચાલવા માંડ્યા. ચાર કોતરમાંથી પાંચમા કોતરમાં પેઠા.



ભટજી કહે : "કિનારો કેમ ના આવ્યો?"

મિયાં કહે : "આવશે, આવશે, ચાલતા રહો."

પાંચમું કોતર ગયું અને છઠ્ઠું કોતર પણ પૂરું થયું.

ભટજીએ કહ્યું : "ઊભા રહો અને ફરી કોતરના ટેકરા ઉપર ચડીને જુઓ, કિનારો કઈ બાજુ રહી ગયો?"

મિયાં ટેકરા ઉપર ચડ્યા.

જોયું તો સામે જ મહીનાં પાણી દેખાયાં.


મિયાં બોલ્યા : "આ સામે જ પાણી દેખાય છે, પણ આપણે આડી બાજુના કોતરમાં વળી ગયા."

વળી ટેકરા ઉપરથી ઊતરી પડ્યા અને સીધી બાજુ ચાલવા માંડ્યા. કોતરમાં દિશા ભૂલી જવાય છે. ચારેબાજુ સરખું જ દેખાય. આપણે ડાબી બાજુ જઈએ છીએ કે જમણી બાજુ એ સમજાય જ નહીં. એક કોતરમાંથી બીજા કોતરમાં ચાલીએ અને એનો મારગ ડાબી બાજુ જતો હોય તો જમણી બાજુ જ જાય છે એવું સમજાય.

ફુસકી મિયાં અને તભા ભટ આવી રીતે એક કોતરમાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં ફરતા જ રહ્યા. એમાં બે કલાક વિતાવી દીધા.

ભટજી બોલ્યા : "મિયાં, હવે તમે પાછળ રહો અને અમને આગળ ચાલવા દો. તમે દિશા ભૂલી જાઓ છો અને કોતરમાં ફરતા રહો છો."

હવે ફુસકી મિયાં પાછળ રહ્યા અને તભા ભટ આગળ ચાલ્યા. ભટજી બરાબર



સામી દિશા ધ્યાનમાં રાખીને ચાલવા લાગ્યા. એક કોતર ગયું અને એમાંથી બીજા કોતરમાં પેઠા કે ભટજી નવાઈથી ઊભા રહી ગયા. ડાબી બાજુના કોતરમાં ખીજડાનું એક ઝાડ દેખાયું.

ભટજી બોલ્યા : “નવાઈની વાત છે. ખીજડાનું આવું મોટું ઝાડ આ એક જ કોતરમાં જોયું. બાકી તો બધાં કોતર કોરાં કડાક છે. ચોમાસામાં ઊગેલા છોડ પણ સુકાઈને બળી ગયા છે.”

મિયાં બોલ્યા : “ચાલો, છાયામાં બેસીએ. તમારી વાત ખરી છે કે કોતરમાં ભૂલા પડીએ તો ચાલી ચાલીને દમ નીકળી જાય.”

ભટજી પણ થાક્યા હતા. ખીજડાના ઝાડ નીચે બેઠા.

ભટજી બોલ્યા : “જોજો હો મિયાં! દિશા ના ભૂલશો. આપણે કઈ બાજુ જવાનું છે?”

ત્યાં ટપ કરતું કશુંક પડ્યું. ફુસકી મિયાં અને તભા ભટ ચમક્યા.

“આ શું પડ્યું?” ભટજી બોલ્યા.

મિયાં કહે : “ખીજડાના આ ઝાડ ઉપરથી પડ્યું.”

“અરે! આ તો વીંટી છે!” ભટજી બોલી ઊઠ્યા.

મિયાં એકદમ વીંટી ઉઠાવવા ગયા. ભટજીએ મિયાંનો હાથ પકડી લીધો.

મિયાં કહે : “કાં?”

ભટજી કહે : “જરા વિચાર કરો. પછી હાથ લાંબો કરો.”

મિયાં કહે : “કાં કોઈની બીક લાગે છે?”

ભટજી કહે : “બીકની વાત નથી. જરા સમજવાની વાત છે. આવા કોતરમાં ખીજડાનું ઝાડ અને ઝાડ ઉપરથી આવી વીંટી શી રીતે ટપકી પડે? વળી વીંટીમાં સાચો હીરો ચમકે છે.”

મિયાં વિચારમાં પડ્યા.

વીંટી સોનાની હતી અને એમાં ઝગમગતો હીરો જડ્યો હતો.

ભટજીએ પૂછ્યું : “શું સમજી ગયા?”

મિયાં કહે : “એ વીંટી ક્યાંથી ટપકી પડી એ અમે સમજી ગયા. તમે ઉઠાવી લો.”

તભા ભટ બોલ્યા : “અને તમારાથી વીંટી કેમ નહીં ઉઠાવાય?”

મિયાં કહે : “એ વાત ભેદની છે. એ હમણાં કહીશું તો તમે બી જશો. હા, તમારા બામણનાં કાળજાં પોચા લાડુ જેવાં હોય. પણ ઝટ કરો. અહીં બેસી રહેવા જેવી આ જગા નથી.”

ભટજી બોલ્યા : “એટલે?”


મિયાં કહે : “આવડા મોટા ભટજી થયા પણ સમજ્યા ધૂળ ને રાખ. પેલા વિક્રમ રાજાની વાતમાં શું આવે છે?”

ભટજી કહે : “શું આવે છે?”

મિયાં ગભરાતા હોય એમ હળવેથી બોલ્યા : “એક મડદાની વાત આવે છે ને કે એક ખીજડાના ઝાડ ઉપર મડદું હતું. એ મડદું રાજા વિક્રમે ઉતારીને ખભે ચડાવ્યું. પછી ચાલ્યા.”

ભટજી કહે : “એનું અહીં શું? આ ખીજડાના ઝાડ ઉપર કોઈ મડદું નથી.”

મિયાં કહે : “તમે સમજો ભટજી, ભૂતનાં મડદાં હોય એ કોઈને દેખાય નહીં. પેલા ખીજડા ઉપર મડદું હતું



એ બીજા કોઈને નહોતું દેખાતું. એકલા રાજા વિક્રમ જ જોઈ શકતા હતા. કાનમાં સાંભળો. આવું મડદું કોઈના ઉપર પ્રસન્ન થાય તો વીંટી તો શું પણ હીરાના હાર ટપકાવી દે છે. નક્કી આપણા ઉપર ભૂતનું મડદું પ્રસન્ન થયું છે અને આ વીંટી ટપકાવી દીધી છે. માટે તમે ઉઠાવી લો, ઝટ કરો."

ભટજી કહે : "તો તમે કેમ ઉઠાવતા નથી?"

ફુસકી મિયાં કહે : "તમે છો બામણ. એટલે તમે ભૂતની વીંટી ઉઠાવો તો તમને કશું ના થાય. આપણા ગામમાં પેલા હનુમાનજીના ભક્ત તેલિયા ભૂવા હતા ને તે કહેતા હતા કે સાચા બામણ હોય તેને ભૂત કંઈ કરી શકે નહીં. તમે સાચા બામણ ખરા કે નહીં?"

ભટજી જરા હસ્યા અને બોલ્યા : "આવી ગાંડી વાતો કરવી નહીં. બામણ હોય કે ગમે તે હોય પણ માણસ તો બધા સરખા જ છે."

આમ વાતો કરે છે ત્યાં બાજુના કોતરમાંથી કોઈ આવતું હોય એમ લાગ્યું. એ બાજુ જોયું તો એક માણસ દેખાયો. તેને જોતાં જ ફુસકી મિયાંએ એકદમ હાથ લાંબો કર્યો, વીંટી લઈને બંડીના ગજવામાં મૂકી દીધી. પહેલવાન જેવો એક માણસ ઝડપથી ચાલી પડ્યો અને સામે આવી ગયો. ફુસકી મિયાં ઊભા થઈ ગયા. પેલા ભાઈને સલામ કરીને જરા હસ્યા અને બોલ્યા : "સલામ સાહેબ!"

"કોણ છે?" જાણે કે ભમભમાટ કરતું ઢોલ ગાજ્યું.



મિયાં હસીને બોલ્યા : “આ કોતરમાં ફરવા નીકળ્યા છીએ.”

“ફરવા?” આંખોના ડોળા તતડાવીને જરા ગુસ્સાથી એ ગુંડા જેવા ભાઈએ પૂછ્યું.

મિયાં બોલ્યા : “હાજી, હાજી. આ અમારા તભા ભટ છે ને તેઓ બડા ડરપોક આદમી છે. તેથી તેમની બીક ઉડાવવા આ કોતરમાં ફરવા નીકળ્યા છીએ.”

પેલો ડાકુ જેવો માણસ એક પગલું આગળ આવ્યો. ફુસકી મિયાંના મોઢા પર એક તમાચો મારી દીધો. ગાલ ઉપર હાથ મૂકીને ફુસકી મિયાં ઊંહુંહુંહું ઊં...ઊં બોલીને સિસકારો પાડી ઊઠ્યા. પછી ગુંડાભાઈ સામે જોઈને બોલ્યા : “મોટા બાપુ! તમે કોઈ રાજદરબારી બહાવટિયા જેવા દેખાઓ છો. તમારા જેવા સારા માણસો આવા તમાચા કોઈને મારે એ સારું ન કહેવાય. બીજો કોઈ હોત તો અમે તેનું માથું કાપી નાખ્યું હોત. હા, અમે સિપાઈબચ્ચા!”



"સિપાઈબચ્ચા?" આમ બોલીને પેલા બહારવટિયા ભાઈએ ફુસકી મિયાંનો એક હાથ પકડી લીધો અને એવો મચડ્યો કે ફુસકી મિયાં વળ ખાઈને બેવડ થઈ ગયા. એ સાથે મોઢામાંથી એક ઊંહકારો પણ નીકળી પડ્યો. ભટજી હજી બેસી જ રહ્યા હતા. તેઓ હવે ઊભા થયા અને હાથ જોડીને બોલ્યા : "બાપુ! અમારી ભૂલ હોય તો ક્ષમા કરો."

બહારવટિયા ભાઈએ તભા ભટ સામે જોયું અને બોલ્યા : "જરા ઊભા રહો. હમણાં તમને પણ ખમ્મા કરાવી દઉં છું." એટલામાં એક બીજો ગુંડા જેવો પણ લાંબો એવો માણસ ખભે બંદૂક લઈને આવી પહોંચ્યો.


તેણે આવીને પૂછ્યું : "આ કોણ મોટા?"

બહારવટિયા મોટા બોલ્યા : "એ પછી સમજાશે. બંદૂક જરા છેટી મૂકી અને આ બામણના હાથપગ બાંધી દે. દોરડું ભૂલીને નથી આવ્યો ને?"

લાંબા ભાઈ હસીને બોલ્યા : "એવી મૂરખાઈ તો એક વાર જ થઈ ગઈ હતી."

આમ બોલીને તેણે કેડેથી દોરડું છોડ્યું અને પીઠ પાછળ તભા ભટના હાથ રાખીને બાંધી દીધા. ફુસકી મિયાંનો હાથ પકડ્યો અને એવો મચડ્યો કે મિયાં ચીસ પાડી ઊઠ્યા. એવામાં ત્રીજો ડાકુ ત્યાં આવી પહોંચ્યો. ડાકુએ ફુસકી મિયાંની પીઠ ઉપર એક લાત મારીને પૂછ્યું : "સાચું બોલી નાખો. કોણ છો તમે અને અહીં આવ્યા કેમ?"

મિયાં સિસકારો કરતા બોલ્યા : "એ વાત ખરી કહી. એવું પૂછવું હોય તો હજાર વાર પૂછીએ. ડાહ્યા માણસો એમ જ કરે છે. પણ તમે તો આવતાંની સાથે અમારા હાથ મચડી નાખ્યા અને



ધડાધડ માંડ્યા મારવા. એવા પાજીના ધંધા અમને નથી ગમતા. હા, અમે સિપાઈબચ્ચા."

"તમે સિપાઈબચ્ચા છો એમ?" ડાકુ બોલી ઊઠ્યો. માથું ડોલાવીને હોઠ દબાવ્યા અને પછી મિયાંનો હાથ જરા વધારે મચડીને બોલ્યો : "તમે સિપાઈબચ્ચા અને આ બામણબચ્ચા કોણ છે?

મિયાં બોલ્યા : "એ અમારા ભાઈબંધ તભા ભટ છે. બડા જોશીરાજ છે. થઈ થવાની કહી આપે."

ડાકુએ પૂછ્યું : "એટલા માટે તેને સાથે લાવ્યા છો, એમ ને?"

મિયાં કહે : "એ બધી વાતોના ઉત્તર અમે બેધડક આપીશું, પણ પહેલાં અમારો હાથ છોડો. એવો મચડ્યો છે કે અમારાથી બોલાતું નથી."

ડાકુએ મિયાંનો હાથ છોડી દીધો.

'ઊંહું સીઈઈઈ... હાશ' બોલીને મોઢું મચકાવતા મિયાં સીધા ખડા થઈ ગયા.

ડાકુ બોલ્યો : "ચાલ, નીચે બેસી જા."

મિયાં કહે : "હવે તમે કહો એમ કરીશું અને પૂછશો એના ઉત્તર આપીશું. અમે કંઈ ચોર નથી કે કોઈ વાત ખોટી બોલીએ. બોલો, શું પૂછવું છે?"

